# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

**અખબારી યાદી** **તા. ૨૨-૧૧-૨૦૨૨**

- **ભાજપ ગમે તેટલા કારસાઓ રચે પરંતુ ગુજરાતની જનતા ડિસેમ્બર 2022માં કોંગ્રેસની સરકાર બનાવીને જ રહેશે:શ્રી જગદીશ ઠાકોર.**
- **આજે ખબર પડે છે કે સત્યેન્દ્ર જૈન બિમાર નથી આખીને આખી આમ આદમી પાર્ટી બિમાર છે. પૂરું નેતૃત્વ બિમાર છે. આ લોકો રાજનીતિને બદનામ કરવા આવ્યા છેઃ શ્રી પવન ખેરા.**

ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિ, રાજીવ ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશભાઈ ઠાકોર, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરાજી, ગુજરાત પ્રદેશના મીડિયા પ્રભારી આલોક શર્માજી સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરાજીએ આમ આદમી પાર્ટી પર ગંભીર આક્ષેપ કરતા દિલ્હી સરકાર હસ્તક જેલમાં તેમની જ સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈન એક બળાત્કારી પિતાના હાથ મસાજ કરાવી રહ્યાની વિગતો વીડિયો દ્વારા રજૂ કરી હતી. આમ આદમી પાર્ટીના કારનામા આપે જોયા. પ્રસ્તુત વીડિયોમાં સ્પષ્ટ જોઇ શકાય છે કે આમ આદમી પાર્ટીના દિલ્હી સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈન એક બળાત્કારીના આરોપી કેદી પાસેથી મસાજ કરાવી રહ્યાં છે. જેલ મેન્યૂઅલ પ્રમાણે કેદીને ફિઝીયોથેરાપી માટે જેલ સાથે જોડાયેલી ક્લિનિક કે ફિઝીઓથેરાપી સેન્ટરની મદદ લેવાય છે. અહીં સત્યેન્દ્ર જૈનને ફિઝીયોથેરાપીના નામે મસાજ કરવામાં આવી રહ્યું છે. મસાજ કરનાર એક કેદી છે. જેના ઉપર પોતાની જ દીકરી ઉપર બળાત્કારનો આરોપ લાગ્યો છે અને આમ આદમી પાર્ટીના એક મંત્રી ભ્રષ્ટાચારના આરોપમાં દિલ્હી સરકાર હસ્તક જેલમાં સજા કાપી રહ્યાં છે. મનીષ સિસોદિયા અને અરવિંદ કેજરીવાલ દ્વારા દિલ્હીમાં પ્રેસવાર્તામાં જણાવાયું હતું કે સત્યેન્દ્ર જૈન બિમાર છે. એટલા માટે તેને ફિઝીયોથેરાપી કરવામાં આવી રહી છે, આજે ખબર પડે છે કે સત્યેન્દ્ર જૈન બિમાર નથી આખીને આખી પાર્ટી બિમાર છે. પૂરું નેતૃત્વ બિમાર છે. પૂરી પાર્ટી ભ્રષ્ટ છે. આ લોકો રાજનીતિને બદનામ કરવા આવ્યા છે.

આજે અમે પૂછવા માંગી રહ્યા છીએ કે ક્યાં છે અન્ના હજારે..? કેમ તેમનું મોં નથી ખુલી રહ્યું..? સ્વચ્છ રાજનીતિની વાતો કરનારાઓનો ચહેરો દેશમાં નહી પૂરી દુનિયામાં ખુલ્લો પડી ગયો છે. આમ આદમી પાર્ટીનો એક બીજો ચહેરો ગુજરાતની ચૂંટણી વખતે સામે આવ્યો છે. આમ આદમી પાર્ટીના ગુજરાતના પ્રચાર પ્રભારી ગુલાબસિંગ યાદવનો ચહેરો પણ સામે આવ્યો. જે એક મહિલાને કથિત યૌનશોષણના કિસ્સામાં તેમનું નામ ચર્ચાએ ચઢ્યું હતું. દિલ્હીમાં તે આવ્યાં હતા ત્યારે લોકોએ તેને માર માર્યો જેમાં આમ આદમી પાર્ટીના પણ લોકો હતા. ટિકિટ વેચવાના આરોપમાં તેમને માર મારવામાં આવ્યો હતો. હિંસાનો સ્થાન રાજનીતિમાં ન હોવું જોઈએ. ગુજરાતમાં પણ લોકો આવા ટિકિટ વેચનારાઓને શોધી રહ્યા છે. આમ આદમી પાર્ટીના નેતાઓ ગુજરાતમાં આવી નથી શકતા. ડરી રહ્યા છે. સાર્વજનિક જીવનમાં સંયમ રાખવો પડે. જો આવું જ ચાલ્યું તો લોકોને રાજનીતિ માંથી વિશ્વાસ ઊઠી જશે. સત્યેન્દ્ર જૈનનો જેલમાં મસાજ કરાવતો વીડિયો સવારથી વાયરલ થઇ રહ્યો છે. હજુ સુધી આમ આદમી પાર્ટી તરફથી કોઇ જ ખુલાસો આવ્યો નથી. જેની પર પોતાની જ દીકરી પર બળાત્કાર કરવાનો આરોપ હોય તે સત્યેન્દ્ર જૈનને મસાજ કરતો હોય તેની સાથે આમ આદમી પાર્ટીની શું ગોઠવણ થઇ છે? શું તેની સજાની હળવી કરશે? શું તેને જેલમાંથી મુક્ત કરી દેવાની લાલચ આપાઈ છે? આ એ જ આમ આદમી પાર્ટી છે કે જેણે દેશમાં બહુ ચર્ચિત નિર્ભયાકાંડમાં પુરજોરથી તેનો વિરોધ કર્યો હતો. સૌથી વધુ બુમો પાડી રહ્યા હતા. પોતાની જ બાળકી પર બળાત્કાર કરનાર પિતાની સેવા જેલમાં સત્યેન્દ્ર જૈન લઇ રહ્યો છે. ગેરકાનૂની રીતે તેની પાસે મસાજની સેવા લેવાય છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશભાઈ ઠાકોરે અમદાવાદમાં રાજીવ ભવન ખાતે સંયુક્ત પ્રેસકોન્ફરન્સમાં ચૂંટણી દરમિયાન ભાજપ સરકાર અને તંત્ર બિનલોકતાંત્રિક રીતે કાર્ય કરી રહ્યાં છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી કે કેન્દ્ર સરકાર 71,000 નોકરીઓ આપશે. આ પહેલા 75,000 નોકરીઓ આપવાની વાત કરી હતી. કોંગ્રેસ જાણવા માંગે છે કે આ તમામ પદોની પરીક્ષા ક્યારે લેવાઈ હતી. મોદી સરકાર નોકરીઓ માટે શ્વેતપત્ર બહાર પાડે. કુલ 1,46,000 પદો કયા વિભાગમાં કોને કોને આપવાના છે, ગુજરાતમાં કુલ કેટલી નોકરી આપવામાં આવી? તેનું શ્વેતપત્ર બહાર પાડે. જેની પરીક્ષાઓ ક્યારે લેવામાં આવી હતી, તેના નિમણૂકપત્રો ક્યારે આપવામાં આવ્યા હતા તેની પૂરી માહિતી પબ્લિક ડોમિન (વેબસાઈટ) પર મુકવામાં આવે. ચૂંટણીના સમયગાળામાં જ્યારે રાજ્યમાં આચારસંહિતા લાગૂ હોય ત્યારે આ પ્રકારની જાહેરાતો-ભાષણો એ આચારસંહિતાનું દેખીતું ઉલ્લંઘન છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે ભાજપ અને તેના તંત્ર પર કનડગતનો આરોપ લગાવ્યો છે. ચૂંટણીમાં ભાજપ કિન્નાખોરી રાખી કોંગ્રેસને હેરાન કરી રહ્યું છે. 24 કલાક પહેલા મળેલી પ્લેન – હેલિકોપ્ટરના ટેઈકઓફની પરવાનગી બીજે દિવસે એક કલાકમાં રદ થઈ જાય છે. કોંગ્રેસને હેલિકોપ્ટ કે પ્રાઈવેટ પ્લેનનું લેન્ડિંગ કરવાનું હોય, પાર્કિંગ કરવાનું હોય તેમાં પણ એરપોર્ટ ઓથોરિટી કોંગ્રેસને વધુ કનડગત કરી રહી છે. રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રી અશોક ગહેલોતજીના પ્રાઈવેટ પ્લેનને પાર્કિંગ માટે પરમિશન ન મળી છેવટે વડોદરા એરપોર્ટ પર પાર્કિંગ માટે લેન્ડિંગ કરવા મોકલવું પડ્યું. એરપોર્ટ પર કોંગ્રેસને બે જ એન્ટ્રી પાસ મળી રહ્યા છે. જ્યારે ભાજપને ત્રીસ જેટલા એરપોર્ટ એન્ટ્રી પાસ મળી રહ્યા છે. જાહેર સભાથી છ-છ કિ.મિ. દૂર પાર્કિંગની વ્યવસ્થા છે તેવું જણાવી કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓના વાહનોને પાર્કિંગ માટે દૂર સુધી જવું પડે છે અને સભાસ્થળે ચાલતા આવવું પડે છે. ભાજપ સરકાર ગમે તેટલા કારસાઓ રચે પરંતુ ગુજરાતની જનતા ડિસેમ્બર 2022માં કોંગ્રેસની સરકાર બનાવીને જ રહેશે. રાજકોટમાં જાહેર સ્થળોએ પોસ્ટરો અને બેનરો લગાડવાનો કોન્ટ્રાક્ટ ખાનગી રાહે ભાજપને આપી દીધાનો ગંભીર આક્ષેપ ચૂંટણી પંચ સમક્ષ રજૂ કર્યો છે. કોઈપણ ટેન્ડર પ્રક્રિયા વગર કોન્ટ્રાક્ટ ભાજપને કેવી રીતે આપી દેવાયો તેનો ખુલાસો રાજકોટ મ્યુ. કમિશનર આપે તે માગણી કરી છે. ચૂંટણી દરમ્યાન ગંભિર ગુન્હાના આરોપીઓને અરાજકતા ફેલાવવા પેરોલ ઉપર છોડવામાં આવી રહ્યાં હોય તેવી પણ માહિતી અમોને મળી છે. આ બાબતે પણ ચૂંટણી પંચે તાકીદે પગલા લેવા જોઈએ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશભાઈ ઠાકોરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ચૂંટણી પ્રવાસન લઈ ભાજપ પર આરોપ લગાવ્યા હતા કે  તેઓએ સુરેન્દ્રનગરની સ્થિતિ જોઈ નથી લાગતી. ભાજપ સરકાર ઉજવણીઓ અને યાત્રાઓમાં વ્યસ્ત છે. ગત વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માંગણી ઉગ્ર બની હતી. ગત વર્ષોમાં ઝાલાવાડ પંથકમાં ઘાસચારા અને પાણીની સમસ્યા નિરંતર વિકટ બનતા લોકો હિજરત કરવા મજબૂર બની રહ્યા છે. ચાલુ વર્ષે અડધા ઉપરાંતનું ચોમાસુ પસાર થઈ જવા છતાં ઝાલાવાડમાં વરસાદ થયો નથી. ધરતી કોરી ધાકોડ રહી છે. સરકાર દ્વારા ખેડૂતો, પશુપાલકો અને ખેત મજુરોને સહાય આપવામાં આવે તેવી દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લામાં વર્તમાન ચોમાસા દરમિયાન નહિવત વરસાદ પડતા પાક.. પાણી..અને ઘાસચારાની સ્થિતિ વિકટ બની છે. ગ્રામ વિસ્તારોમાં તળાવો, ચેકડેમો સુકાઈ જતા પીવાનાક પાણીની સ્થિતી ગંભીર બનેલ છે. ગત વર્ષે પશુઓ માટે ઘાસચારાની પણ તંગી સર્જાવાના એંધાણ રહ્યા. ઘણા વર્ષો પછી સુરેન્દ્રનગર જિલ્લામાં ચાલુ વર્ષે સુકા દુષ્કાળની સ્થિતી સર્જાવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં મીડીયા કો-કન્વિનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ અને પ્રવક્તા ડૉ. અમિત નાયક ઉપસ્થિત રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
કો-કન્વિનર - પ્રવક્તા
મો. 9898233038

**બિડાણઃ સત્યેન્દ્ર જૈન બાબતનો આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રીશ્રી કેજરીવાલના જુઠ્ઠાણાનો વિડીઓ.**